# કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી-૩૯૬૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**નવસારી મુખ્ય કેન્દ્ર ખાતે ઉપલબ્ધ 'ડી-૧' ટાઇપ કેટેગરીના ખાલી મકાનોની ફાળવણી માટે અરજીઓ મંગાવવા બાબત.**

## :: પરિપત્ર ::

યુનિવર્સિટીના મુખ્ય કેમ્પસ ખાતે ફરજ બજાવતા તમામ કર્મચારીઓને જણાવવાનું કે, **નવસારી મુખ્ય કેન્દ્ર ખાતે હાલમાં 'ડી-૧' કેટેગરીના કુલ-૦૫ મકાનો રહેવા લાયક સ્થિતિમાં ખાલી ઉપલબ્ધ છે**. યુનિવર્સિટી મકાન ફાળવણી સમિતિની ૨૨મી બેઠકના મુદ્દા નં. ૨૨.૧૪ મુજબ થયેલ ઠરાવ તેમજ અત્રેની કચેરીના પરિપત્ર જા. નં. નકૃયુ/કા.ઈ./બી-૪/૩૧૮૪-૯૬/૨૦૨૦, તા. ૦૨/૦૫/૨૦૨૦ અનુસાર સાતમા પગાર પંચ મુજબ પગાર ધોરણ રૂા. ૫૬,૧૦૦.૦૦ થી રૂા. ૭૮,૭૯૯.૦૦ ધરાવતા કર્મચારીઓ આ મકાનો મેળવવા માટે અરજી કરી શકશે.

જે કર્મચારીઓ ક્વાર્ટરની ફાળવણી મેળવવા ઇચ્છુક હોય તેઓએ યુનિવર્સિટીના નિયત નમૂનામાં પોતાની અરજી વિભાગીય વડાશ્રી મારફતે અત્રેની કચેરીમાં મોકલવાની રહેશે. અત્રેની કચેરીને પ્રાપ્ત થતી અરજીઓને આધિન તથા અમલમાં રહેલા મકાન ફાળવણીના નિયમો અનુસાર ક્વાર્ટરની ફાળવણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જા.નં.નકૃયુ/કાઇ/બી-૪/૨૮૨૭ /૨૦૨૬
તા. ૬/૦૭/૨૦૨૬

કાર્યપાલક ઇજનેર
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**નકલ સવિનય રવાના :**
યુનિવર્સિટીના મુખ્ય કેમ્પસ ખાતેની તમામ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ તથા આપશ્રીના તાબા હેઠળ ફરજ બજાવતા તમામ કર્મચારીઓના વંચાણે મૂકવા સારું.

# – : : પરિપત્ર : : –

વિષયઃ– સાતમા પગાર પંચ પ્રમાણે મળવાપાત્ર મકાનની કેટેગરી નકકી કરવા બાબત.

**આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના સર્વે યુનિટ તથા સબ યુનિટની કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ તથા અધિકારીઓને જણાવવામાં આવે છે કે, પરિપત્ર નં નકૃયુ/કાઈ/બી–૪/૩૧૬૦–૭૨/૨૦૨૦, તા. ૨૯.૦૪.૨૦૨૦ થી પ્રકાશિત કરવામાં આવેલ પરિપત્ર રદ કરવામાં આવે છે. જે સર્વ ને જાણ સારૂં.**

તા. ૨૭.૧૨.૨૦૧૮ ના રોજ મળેલ ૨૨ મી મકાન ફાળવણી સમિતીના મુદદા નં ૨૨:૧૪ માં ઠરાવ્યા મુજબ સરકારી રહેણાંકના મકાનાને ફાળવણી માટે સાતમા પગાર પંચમાં કેડર વાઈઝ જે તે કર્મચારીઓનો મુળ પગાર નકકી કરી અત્રેની કચેરીએ યુનિવર્સિટી વેબસાઈટ પર પરિપત્ર નં નકૃયુ/કા.ઈ/બી–૪/૯૮૩૩–૪૧, તા. ૩૧.૧૨.૨૦૧૮ પ્રકાશિત કરેલ. આ દરમ્યાન ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક એસીડી–૧૧૯૮–૧૧૭૦–(૩૧)–ન.૧, તા. ૧૩.૧૧.૨૦૧૯ થી સરકારશ્રીએ સરકારી કર્મચારી / અધિકારીઓ માટે નવા પગાર ધોરણ મુજબ સરકારી આવાસની કક્ષા નકકી કરવા પરિપત્ર પ્રકાશિત કરેલ છે. જેમાં પરિશિષ્ટ–૨ માં ગાંધીનગર સિવાયના સમગ્ર રાજય માટે સાતમા પગાર પંચમાં લાગુ મુળ પગાર અને તેની સામે મળવાપાત્ર વસવાટની કક્ષા બતાવેલ છે. જે મુજબ નીચેની વિગતો અનુસાર સર્વ કર્મચારીઓ તથા અધિકારીઓને મળતા (પગાર જુથ) મુળ પગારની સામે મળવાપાત્ર મકાનની કેટેગરી ની વિગતે મકાન મેળવવા નિયત નમુનામાં અરજી મુખ્ય કેમ્પસ ખાતે આ કચેરીને અને પેટા કેન્દ્રોમાં જે તે પેટા કેન્દ્રના વડાને / મકાન ફાળવણી સમિતીના વડાને કરવાની રહેશે. દરેક મકાનની કેટેગરી વાઈઝ માસિક વસુલાત કરવાના થતા ભાડાના કોલમ નં ૪ માં દર્શાવવામાં આવેલ છે.

| ક્રમ | રહેણાંક ના મકાનોની કેટેગરી | ક્ષેત્રફળ વપરાશ વિસ્તાર (કુલ એરીયા) ચો. મી | માસિક વસુલાતનો દર રૂા. | મળવાપાત્ર મકાનની કેટેગરી પગાર જૂથ (મૂળ પગાર) સાતમા પગાર પંચ મુજબ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૭ |
| ૧. | 'એ' | ૨૯ ચો. મી. | ૮૦/– | રૂા. ૧૪૮૦૦ થી રૂા. ૧૯૮૯૯ સુધી |
| ૨. | 'બી' | ૩૦ થી ૩૫ ચો. મી. | ૧૪૦/– | રૂા. ૧૯૯૦૦ થી રૂા. ૨૫૪૯૯ |
| ૩. | 'બી–૧' | ૩૬ થી ૪૨ ચો. મી. | ૨૦૦/– | રૂા. ૨૫૫૦૦ થી રૂા. ૨૯૧૯૯ |
| ૪. | 'સી' | ૪૩ થી ૫૫ ચો. મી. | ૩૦૦/– | રૂા. ૨૯૨૦૦ થી રૂા. ૫૩૦૯૯ |
| ૫. | 'ડી' | ૫૬ થી ૬૪ ચો. મી. | ૪૦૦/– | રૂા. ૫૩૧૦૦ થી રૂા. ૫૬૦૯૯ |
| ૬. | 'ડી–૧' | ૬૫ થી ૭૯ ચો. મી. | ૪૮૦/– | રૂા. ૫૬૧૦૦ થી રૂા. ૭૮૭૯૯ |
| ૭. | 'ઈ' | ૮૦ થી ૧૨૦ ચો. મી. | ૬૦૦/– | રૂા. ૭૮૮૦૦ થી ૧૨૩૦૯૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૮. | 'ઈ–૧' | ૧૨૧ થી ૧૫૦ ચો. મી. | ૮૦૦/– | રૂા. ૧૨૩૧૦૦ થી ૧૪૪૧૯૯ |
| ૯. | 'ઈ–૨' | ૧૫૧ ચો. મી. થી અને તેની ઉપર | ૧૦૪૦/– | રૂા. ૧૪૪૨૦૦ થી વધુ |

**નોંધઃ–**

૧. સુરત, ભરૂચ ૧૦૦ % ભાડાની વસુલાત કરવી.

૨. બારડોલી, તણછા, વણારસી, અછાલીયા, હાંસોટ, પરીયા, વ્યારા, રંભાસ, ગણદેવી, દાંતી(ઉભરાટ) તેમજ અન્ય ફાર્મ ૫૦ % ભાડાની વસુલાત.

૩. વઘઈ ૧૦૦ % વસુલાતમાંથી મુકિત.

**૪. રૂા. ૧૮૨૨૦૦ મુળ પગાર ધરાવતા અધિકારીને અગ્રતા તથા રૂા. ૨૨૫૦૦૦ મુળ પગાર ધરાવતા અધિકારીને ઉચ્ચ અગ્રતા આપવાની રહેશે.**

ઉપર જણાવ્યા મુજબ મુળ પગાર પર કેટેગરી નકકી કરવામાં આવેલ છે. અને તે મુજબ સદર માસિક ભાડાની વસુલાત કરવાની હોય છે. ઉકત નોંધના ક્રમ–૧ થી ૩ મુજબ બહારના ફાર્મના ભાડાની વસુલાત તે મુજબ કરવાની રહે છે.

ઉપર મુજબ કોલમ નં–૬ માં જણાવ્યાની વિગતે નવસારી કેન્દ્ર ખાતે ફરજ બજાવતા કર્મચારી/અધિકારીનો વખતો વખતનો પગાર વધતા ઉપલી કેટેગરીમાં મકાન મેળવવાપાત્ર સાથે અરજી સાથે પગાર સ્લીપની નકલ અને કચેરીના વડાની સહી સાથે કચેરી મારફત અત્રે મોકલવાની રહેશે જેથી તેમના નોંધણી જે તે મળવાપાત્ર કેટેગરીના મકાનની સીનીયોરીટી માટે નિતી નિયમ મુજબ જરૂરી નોંધ કરી શકાય.

નવસારી કેન્દ્ર બહાર ફાર્મ કચેરી ઉપર ફરજ બજાવતા કર્મચારી/અધિકારીશ્રીઓએ પોતાની સ્થાનિક કચેરીમાં આવી અરજી આપવાની રહેશે જેથી સ્થાનિક કક્ષાએ સીનીયોરીટીમાં સમાવેશ થઈ શકે.

પ્રસ્તુત પરિપત્ર યુનિવર્સિટીના હિતમાં, માનનીય કુલપતિશ્રી ની તા. ૦૨.૦૫.૨૦૨૦ ની નોંધ ઉપર મંજુરી મેળવી તા. ૧.૪.૨૦૨૦ ની પાછલી અસરથી અમલમાં આવે તે રીતે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

2/05/2020

કાર્યપાલક ઈજનેર

જા.નં નકુયુ/કાઈ/બી–૪/ ૩૧૮૪–૯૬ / ૨૦૨૦
નવસારી, તા. ૦૨ .૦૫.૨૦૨૦

**નકલ સવિનય રવાનાઃ**

૧. માનનીય કુલસચિવશ્રીના રહસ્યસચિવ, ન. કૃ. યુ., નવસારી તરફ જાણ થવા સારૂં.

૨. મકાન ફાળવણી સમિતીના સર્વે સભ્યો, ન. કુ. યુ. , નવસારી તરફ જાણ થવા સારૂં.

૩. વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રી, ન. કુ. યુ. , નવસારી તરફ જાણ થવા સારૂં.

**નકલ રવાનાઃ**

૧. શ્રી એ. એ. સિંઘી, નાયબ ઈજનેર અત્રેની કચેરીમાં તરફ જાણ થવા સારૂં.

૨. શ્રી એમ. વી. ગઢવી, નાયબ ઈજનેર અત્રેની કચેરીમાં જાણ થવા સારૂં.